Azadi Ka Amrit Mahotsav

જા.નં/મા-૨/૨૦૨૪/ 4738

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.૨૦/૦૪/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
સુરત, જિ.સુરત

વિષય:- હિટવેવ-૨૦૨૪ અંગે પૂર્વ તૈયારી કરવા બાબત.
સંદર્ભ:- કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર: ધ/માધ્ય/પરચ/૨૦૨૪/૪૨૯૫-૪૩૩૦ તા.૧૯/૦૪/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાતમાં આગામી સમયમાં હિટવેવની શકયતાઓ રહેલ છે જે ધ્યાને લઇ બચાવ અને રાહતના આગોતરા પંગલાં લેવા તથા હિટવેવની સંભવિત અસરોથી રક્ષણ મેળવવા "ગુજરાત હિટવેવ એકશન પ્લાન-૨૦૨૪" તૈયાર કરવામાં આવેલ છે.

જે મુજબ કાર્યવાહી હાથ ધરવા તથા ખાસ હિટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતું હોઇ જેથી તમામ શાળાઓને સચિત કરવા તથા કાર્યવાહી કરવા અને નીચે જણાવ્યા મુજબના તકેદારીના પગલાં લેવા જણાવવામાં આવે છે.

- તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હિટવેવ, તેનાથી થતી અસરો અને તેનાથી બચાવના ઉપાયો વિશે સમજણ આપવી.
- ઉનાળા દરમ્યાન કોઇ ઓપન-એર વર્ગો હાથ ધરવા નહી.
- ગરમીની સીઝનમાં શાળાનો સમયનું નિયંત્રણ (સવારે ૬:૦૦ થી ૧૧:૦૦ સુધી) કરવું.
- તમામ શાળાઓએ લીબુ પાણી, છાશ વગેરેની વ્યવસ્થા કરાવવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

(By email)

ક્રમાંક:ધ/માધ્ય/પરચ/૨૦૨૪/ ૩૩૦
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯,
ગુ.રા.ગાંધીનગર
તા.૧૮/૦૪/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય: હિટવેવ-૨૦૨૪ અંગે પૂર્વતૈયારી કરવા બાબત.
સંદર્ભ: રાહત કમિશનર અને સચિવની કચેરી, મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તા.૦૮/૦૪/૨૦૨૪ના પત્ર

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાતમાં આગામી સમયમાં હિટવેવની શક્યતાઓ રહેલ છે જે ધ્યાને લઇ બચાવ અને રાહતના આગોતરા પગલાં લેવા તથા હિટવેવની સંભવિત અસરોથી રક્ષણ મેળવવા "ગુજરાત હિટવેવ એક્શન પ્લાન-૨૦૨૪" તૈયાર કરવામાં આવેલ છે.

જે મુજબ કાર્યવાહી હાથ ધરવા તથા ખાસ હિટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતું હોઇ આપની કચેરી દ્વારા આપના તાબા હેઠળની શાળાઓને સચેત કરવા તથા જરૂરી કાર્યવાહી કરવા તથા નીચે જણાવ્યા મુજબના તકેદારીના પગલાં લેવા જણાવવામાં આવે છે.

- તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હિટવેવ, તેનાથી થતી અસરો અને તેનાથી બચાવના ઉપાયો વિશે સમજણ આપવી.
- ઉનાળા દરમ્યાન કોઇ ઓપન-એર વર્ગો હાથ ધરવા નહીં.
- ગરમીની સીઝનમાં શાળાના સમયનું નિયંત્રણ (સવારે ૬.૦૦ થી ૧૧.૦૦ સુધી) કરવું.

આમ, હિટવેવ સંદર્ભે આપની કચેરી દ્વારા ઉકત દર્શાવેલ તકેદારીના પગલાં લેવા તથા "ગુજરાત હિટવેવ એક્શન પ્લાન-૨૦૨૪"માં જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ અમલવારી હાથ ધરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભ પત્ર

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારું:</u>
(૧) માન.સચિવશ્રી, રાહત કમિશનર અને સચિવની કચેરી, મહેસૂલ વિભાગ, ૧૧/૮, સરદાર પટેલ ભવન, નવા સચિવાલય, ગાંધીનગર, ગુજરાત સરકાર,
(૨) રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.

આલોક કુમાર પાંડે આઈ.એ.એસ.
રાહત કમિશનર અને સચિવ

રાહત કમિશનર અને સચિવની કચેરી
મહેસૂલ વિભાગ
ગુજરાત સરકાર
૧૧/૮, સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. : +૯૧-૭૯-૨૩૨ ૫૧૫૭૪
ફેક્સ નં.: +૯૧-૭૯-૨૩૨ ૫૧૫૬૮
ઈ-મેઈલ : cor-rov@gujarat.gov.in

નંબર : SEOC/WS/68/2024
તા.: 08/04/2024

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,
(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
(૨) માહિતી અને પ્રસારણ વિભાગ.
(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.
(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
(૫) શ્રમ અને રોજગાર વિભાગ.
(૬) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ.
(૭) શિક્ષણ વિભાગ.
(૮) ઉદ્યોગ અને ખાણ વિભાગ.
(૯) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.

વિષય: હિટવેવ-૨૦૨૪ અંગે પૂર્વ તૈયારી કરવા બાબત.
સંદર્ભ: (૧) NDMA દિલ્હીના પત્ર નં.1-105/2023-PP(E-116517) તા.૦૫/૦૩/૨૦૨૪
(૨) અત્રેની કચેરીના પત્ર નં. નં.એસ.ઇ.ઓ.સી./ADM/વશી/૬૪/૨૦૨૪, તા.૦૩/૦૪/૨૦૨૪
(૩) માન. મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૦૩/૦૩/૨૦૨૪ ના રોજ યોજાયેલ કમીટી ઓફ સેક્રેટરીસ
(૪) તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, દિલ્હી દ્વારા યોજાયેલ મીટીંગ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દિલ્હીના સંદર્ભદર્શિત પત્રની વિગતે આગામી ઉનાળાની ઋતુમાં હિટવેવ સંદર્ભે આપના વિભાગ હિટવેવથી થતી વિપરીત અસરો નિવારી શકાય તે અર્થે આપના તાબાની કચેરીઓને સચેત કરવા તથા જરૂરી કાર્યવાહી કરવા અત્રેની કચેરીના સંદર્ભ-(૨) તળેના પત્રથી વિનંતી કરવામાં આવેલ છે.

હિટવેવ-૨૦૨૪ બાબતે સંદર્ભ-(૩) મુજબ માન. મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ કમીટી ઓફ સેક્રેટરીસમાં પણ હિટવેવની વિપરીત અસર નિવારવા માટે સંબંધિત હાજર તમામ વિભાગના અ.મુ.સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓને જરૂરી તકેદારીના પગલાં લેવા જણાવેલ. તેમજ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, દિલ્હી દ્વારા હિટવેવ સંભવિત રાજ્યો સાથેની મીટીંગમાં પણ ગુજરાતમાં આગામી સમયમાં હિટવેવની શકયતાઓ રહેલ છે જે ધ્યાને લઇ બચાવ અને રાહતના આગોતરા પગલાં લેવા સૂચના આપેલ છે. આમ આગામી સમયમાં હિટવેવની સંભવિત અસરોથી રક્ષણ મેળવી શકાય તે માટે અત્રેના સંદર્ભ-(૨) તળેના પત્ર સાથે મોકલી આપેલ ...

"ગુજરાત હિટવેવ એકશન પ્લાન-૨૦૨૪" મુજબ કાર્યવાહી હાથ ધરવા તથા ખાસ હિટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતું હોઈ આપના વિભાગ દ્વારા ખાસ કરીને નીચે જણાવ્યા મુજબના તકેદારીના પગલાં લેવા વિનંતી.

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

- હિટવેવને લગતી તમામ જરૂરી તૈયારી કરવી તથા તેની સમીક્ષા કરવી.
- તપામ પી.એચ.સી./સી.એચ.સી./અર્બન હેલ્થ સેન્ટર/હોસ્પીટલ્સમાં જરૂરી દવાઓ, ઈક્વિપમેન્ટસ, ડીપફ્રિઝર, આઈસ પેકસના જથ્થાની સમીક્ષા કરવી.
- વલનરેબલ સમૂહો/જુથો શોધી તેમના બચાવ, ટ્રીટમેન્ટ સબંધી તૈયારીની સમીક્ષા અને તૈયારી કરવી. હિટવેવના કારણે લોકો બીમાર ન પડે તે માટે તેમને જાગૃત કરવા અને આરોગ્યને અસરકર્તા પરીબળ તરીકે તેની ગંભીરતા સમજાવવી.
- IEC ની પ્રવૃત્તિ કરવી.

(૨) માહિતી અને પ્રસારણ વિભાગ

- સંભવિત અસરગ્રસ્ત સમૂહ/જૂથો માટે વિગતવાર જનજાગૃતિ અને પ્રચાર-પ્રસાર કરવા વિનંતી.
- લોકભોગ્ય ગુજરાતી ભાષામાં એડવાઇઝરી માર્ગદર્શિકા બહાર પાડવી અને સ્થાનિક વહીવટી તંત્ર મારફતે લોકો સુધી પહોંચાડવા વિનંતી.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

- શહેરી વિસ્તારમાં કામ કરતા વિવિધ શ્રમિકોને હિટવેવની પરિસ્થિતિથી બચાવવાના તમામ પગલાં લેવા.
- જેવાકે છાયડાં માટે કામચલાઉ શેડની વ્યવસ્થા કરવી શ્રમિકોને બપોરે ૧:૦૦ કલાકથી ૪:૦૦ કલાક સુધી કામ ન કરાવવાની સૂચના આપવી. પીવાના પાણીની તથા છાસની યોગ્ય વ્યવસ્થા કરવી.
- કામકાજના સ્થળે આઇસપેક અને ગરમીથી બચાવ માટેની જરૂરી સામગ્રી/દવાઓ ઉપલબ્ધ રાખવી.
- સીએસઓ/દાતાઓને શહેરી વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ છાશ, લીંબુ પાણીનું વિતરણ કરવા પ્રોત્સાહિત કરવા.

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

- મનરેગાના મજૂરો માટે કામના કલાકો સવારે 6.00 થી 11.00 અને સાંજે 4.00 થી 7.00 સુધી રાખવામાં આવે.
- તેમજ મનરેગા સાઈટ પર પીવાના પાણીની છાંયડા માટે કામચલાઉ શેડ તથા હિટવેવથી થનાર સ્વાસ્થ્યના જોખમો માટે કટોકટીની સારવાર માટે પૂરતી સામગ્રી સાથે મેડિકલ કીટ/ફર્સ્ટ એઇડ બોક્સ ઉપલબ્ધ રાખવા.
- કોઈપણ સ્થળે કામ કરતી મહિલાઓની સાથે છ વર્ષથી નીચેના બાળકોની સંખ્યા માટે કેરની સુવિધા (પાંચ કે તેથી વધુ) ઉપલબ્ધ કરવી.
- CSO (Civil Society Organisation)/દાતાઓને મનરેગાના કામદારોને છાશ, લીંબુ પાણીનું વિતરણ કરવા પ્રોત્સાહિત કરવા.

(૫) શ્રમ અને રોજગાર વિભાગ

- એપ્રિલ-૨૦૨૪ થી જુન-૨૦૨૪ સુધી કામદારોને બપોરે ૧:૦૦ કલાકથી ૪:૦૦ કલાક સુધી કામ કરાવવામાં ન આવે.
- લોકભોગ્ય ગુજરાતી ભાષામાં એડવાઇઝરી માર્ગદર્શિકા બહાર પાડવી અને સ્થાનિક વહીવટી તંત્ર મારફતે લોકો સુધી પહોંચાડવા વિનંતી.
- બાંધકામ સાઈટ્સ પર મજૂરી કામમાં રોકાયેલા તમામ કામદારો માટે આરામના શેડ્સ, પીવાના સ્વચ્છ પાણી, ORS (ઓરલ રિહાઇડ્રેશન સોલ્યુશન), સમર કેપ્સ પૂરી પાડવામાં આવે

- મેડીકલ કન્ડીશન ધરાવતા કામદારો પર વધારાનું ધ્યાન આપવા બાબતે તમામ મહાનગરપાલિકા/નગરપાલિકાઓ સૂચના આપવી.

(૬) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

- હિટવેવના સંદર્ભમાં પાક પર થનારી અસર, ખેતી માટે જરૂરી પાણીની સ્થિતિની સમીક્ષા કરવી.
- પશુઓ માટે પાણીની જરૂરિયાત, ઘાસનો પુરવઠો અને પશુઓના સ્વાસ્થ્ય બાબતે જરૂરી તકેદારીના પગલાં લેવા.
- સિંચાઈ માટેના પાણીની જરૂરીયાત અને ઉપલબ્ધિ અંગે સમીક્ષા કરવી.

(૭) શિક્ષણ વિભાગ

- તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હિટવેવ, તેનાથી અસરો અને તેનાથી બચાવના ઉપાયો વિશે સમજણ આપવી.
- ઉનાળા દરમ્યાન કોઈ ઓપન-એર વર્ગો હાથ ધરવામાં આવશે નહીં.
- ગરમીની સીઝનમાં શાળાના સમયનું નિયંત્રણ (સવારે 6.00 થી 11.00 સુધી) કરવું.

(૮) ઉધોગ અને ખાણ વિભાગ

- રાજયના પ્રવાસન સ્થળો પર ગરમીથી રાહત અને બચાવના પગલાંની સમીક્ષા કરવી.
- પ્રવાસન સ્થળો પર પીવાના પાણી, જરૂરી મેડીસીન તથા કૂલ રેસ્ટિંગ શેડની વ્યવસ્થા કરવી.
- ઉનાળા દરમ્યાન વધારે ગરમીના દિવસોમાં પ્રવાસન સ્થળોની મુલાકાતનો સમય મર્યાદિત કરવો.

(૯) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.

- શહેરી વિસ્તારમાં આવેલ મુખ્ય બસ સ્ટેશન તથા બસ સ્ટેન્ડ પર મુસાફરોને ગરમી સંબંધિત બીમારી નિવારણ પર પેમ્ફલેટ/પોસ્ટર્સનું વિતરણ કરવું.
- મુસાફરો માટે ઠંડા પીવાના પાણી, ORS (ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન) તથા છાંયડા માટે કામચલાઉ શેડની વ્યવસ્થા કરવી.
- બસ સ્ટેન્ડ અથવા પબ્લિક વેઈટિંગ એરિયામાં ઠંડી છત (છત પર પ્રતિબિંબ પેઈન્ટ લાગુ કરવુ) માટેની વ્યવસ્થા કરવી.

આમ, હિટવેવ સંદર્ભે આપના વિભાગ દ્વારા ઉકત દર્શાવેલ તકેદારીના પગલાં લેવા તથા "ગુજરાત હિટવેવ એક્શન પ્લાન-૨૦૨૪" માં જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ અમલવારી હાથ ધરવા વિનંતી છે.

રાહત કમિશનર અને સચિવ
મહેસૂલ વિભાગ, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, એસ.એસ. ૧/૩ જો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) માન. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, બ્લોક નં.૧/૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૩) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ બ્લોક નં.૧૧/૫ મો માળ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.